વિનોદ ભટ્ટને ગાંધીનગરના સાહિત્યજગતની ભાવાંજલિ

જાણીતા હાસ્યસર્જક વિનોદ ભટ્ટના અવસાનથી સાહિત્ય જગતમાં શોકની લાગણી પ્રસરી ગઈ છે. સદ્‌ગતની અંતિમવિધિમાં અનેક નામી-અનામી સાહિત્યકારો જોડાયા હતા. સ્વ. વિનોદ ભટ્ટનો ગાંધીનગર સાથે પણ અનોખો નાતો હતો. એમની વાતોમાં, એમનાં સર્જનમાં ગાંધીનગર હંમેશાં ડોકાતું. ગાંધીનગરના સાહિત્યસર્જકો અને સાહિત્યરસિકોને સ્વ. વિનોદ ભટ્ટ સાથે અંગત અને સાહિત્યિક નાતો નોંધપાત્ર રીતે હતો. શહેરના જાણીતા સર્જકોએ વિનોદ ભટ્ટને શબ્દરૂપે અંજલી અર્પી છે.

“નિખાલસતા,નીડરવા અને નિષ્પક્ષપણુ સ્વ. વિનોદ ભટ્ટના ઉત્તમ ગુણો હતા. વિનોદભાઈની કલમ હાસ્યકળામાં નિરંતર કિર્તિવંત રહી એ એમની સિદ્ધિ હતી અને તેમની પાસે સિદ્ધિની પ્રસિદ્ધિ હતી. વિનોદભાઈનો મારો પરિચય વર્ષો જુનો રહ્યો. અમારે અવારનવાર મળવાનું થતુ. તેમના ગમનથી હાસ્ય સર્જનમાં એક સૂનકાર છવાયો છે, મોકો મેળવીને પણ ઈશ્વરના દરબારમાં સૌને હસાવવાની હામ લઈને તેઓ ગયા છે, તે આનંદી આત્માને સદાનંદ જ હોય.”

- દોલત ભટ્ટ

“વિનોદની નજરે ‘‘લેખ માળામાંથી એક મહત્વના હાસ્યલેખક તરીકે વિનોદ ભટ્ટને ‘‘કુમાર ચંદ્રક’ અને પ્રતિષ્ઠા બંને મળ્યા. વિનોદ કહેતા હાસ્ય નિષ્પન્ન કરવા માટે તેમણે અનેક તરીકા અજમાવ્યાં છે જેની મજાક કરે તે પણ પ્રેમથી માણે અને કહેવા જેવુ હસતા હસતા કહી દે તે તેમની વિશેષતા હતી. એક પ્રેમાળ મિત્ર તરીકે અને ‘‘દુલ્લા’ માણસ તરીકે તેમને યાદ કરનારાઓની સંખ્યા ઘણી મોટી હોવાની. પછી ‘સાક્ષર બોંતેરી’માં તેમના માટે લખેલી કંડિકા નીચે ઉતારૂ છુ.’

“વશેકાઈથી વધેરવાની કળા જાણવા ચહો ?
વિનોદની નજરે દુનિયા દારીને જોતા રહો.”

- હરિકૃષ્ણ પાઠક

“સ્વ. વિનોદ ભટ્ટ ગુજરાતી ભાષાના હાસ્ય સાહિત્યનું ગુરૂ શિખર હતા. ગરવા અને ગંભીર ગુજરાતીઓને હસતા પણ આવડે એ વાત જ્યોતિન્દ્ર દવે પછી સૌથી વધુ વિનોદ ભટ્ટે ટકોરાબંધ શીખવી. ગુજરાતી સાહિત્ય જગતના મહારથીઓ વિશેના એમનાં રેખાચિત્રોએ સાહિત્ય જગતમાં એક કાલજથી કેડી કંડારી હતી. વિનોદભાઈ ગમે તેવી ગમગીન પરિસ્થિતિમાં પણ હસી શકતા હતા. તેઓ મૃત્યુને પણ ઘોળીને પી ગયા. આવા સર્જકની વિદાયથી ગુજરાતી સાહિત્ય અને સમાજને ઘણી મોટી ખોટ પડી છે, તેઓ તેમની હાસ્યકૃતિઓ દ્વારા અક્ષરદેહે દાયકાઓ સુધી ધબકતા રહેશે હું તેમને અંતઃકરણપૂર્વક વિદાય આપુ છુ. મને ખાતરી છે કે તેમને સ્વર્ગમાં લાંબો વખત ફાવશે નહી અને તેઓ જરૂર પાછા નવા સ્વરૂપે અમદાવાદમાં જ અવતરશે.”

- ડૉ. કેશુભાઈ દેસાઈ

“જ્યોતિન્દ્ર દવે પછી જે ગુજરાતી સાહિત્યમાં હાસ્યનો યુગ ઉભો થયો હતો તેમાં વિનોદ ભટ્ટના જવાથી ખાલીપો સર્જાયો છે. સ્વ. વિનોદ ભટ્ટનુ હાસ્યનું ખેડાણ એટલુ લાંબુ છે કે ચાર દાયકાથી તેમણે અનેક પુસ્તકો આપ્યાં છે. ગુજરાતી ઉપરાંત તેમણે હિન્દી, મરાઠી અને ઉર્દૂ સાહિત્યમાં હાસ્યની શું સ્થિતિ છે તે અંગે પણ લખ્યું છે અને વિનોદકથાઓ થકી હાસ્યકથાઓ પણ લખી છે. હાસ્યના તમામ ક્ષેત્રોમાં તેમણે પોતાની કળા પ્રદર્શિત કરી છે અને હાસ્યશાસ્ત્ર વિનોદ વિમર્શ પણ લખ્યું છે. તેમની આત્મકથા ‘એવારે અમે એવારે’ આત્મકથા ગાંધીજીની આત્મકથા સમું મૂલ્ય ધરાવે છે, તેમને મારી હૃદયપૂર્વક શ્રદ્ધાંજલિ.”

- ભાગ્યેશ જહા

“સ્વ. વિનોદ ભટ્ટ ગુજરાતી ભાષાના વિસક્ષણ અને વિચક્ષણ હાસ્ય લેખક હતા. સામાન્ય ટુચકાથી તેમણે હાસ્ય લેખનની શરૂઆત કરી હતી અને ધીરે ધીરે હાસ્યને અને પોતાને બંનેને વિકસાવ્યાં. તેમનું હાસ્યને હાસ્યની કોઈ પરંપરામાં બેસે તેવુ વ્યક્તિત્વ નહોતુ, એમણે આગવી રીતે જ હાસ્યબ્રહ્મની ઉપાસના કરી હતી. તેઓ પ્રત્યેક સાચા શબ્દને સાચવી લેવાનો સ્વભાવ ધરાવતા હતા અને એમનું હાસ્ય પ્રયત્ન સાધ્ય નહોતુ, સ્વાભાવિક અને ડંખ વિનાનું હતુ. આ પ્રખર હાસ્યલેખકની ખોટ કાયમ વર્તાશે. મારી હૃદયપૂર્વક શ્રદ્ધાંજલિ.”



- હર્ષદ ત્રિવેદી

“મુ. વિનોદ ભટ્ટ એટલે ગુજરાતી સાહિત્યનું શિરમોર નામ. વિનોદભાઈને વાંચવાની જે મોજ પડે એવી જ મજા એમની હાસ્ય-વ્યંગભરી માર્મિક વાતો સાંભળવામાં પડતી. ૧૯૬૭-૭૦ના વર્ષોમાં હું સંદેશમાં સ્વ. નવનીત સેવક સાથે બેસીને પત્રકારત્વની તાલીમ લેતો હતો ત્યારે તેઓ અવારનવાર આવતા. આ સમયે જામતી બેઠકમાં તેમના રમૂજી ચોગ્ગા છગ્ગા માણ્યાં છે અને તેમના વન લાઈનર્સની જે મજા લુંટી છે તે ભુલાય તેમ નથી. આવા પ્રથમ પંક્તિના હાસ્ય લેખકના જવાથી ગુજરાતી સાહિત્ય જગતને ભારે ખોટ પડી છે.”

- પ્રકાશ લાલા

“સ્વ. વિનોદ ભટ્ટ એટલે ગુજરાતી સાહિત્યના સર્જક, હાસ્યલેખક હળવાશ તેમની પ્રકૃતિ હતી. બોલે કે લખે નામ પ્રમાણે ‘વિનોદપણુ’ છલકાઈ જાય. સામેવાળાને બાથમાં લઈ લે. ગુજરાતના વાંચકો-ભાવકોને એમણે ખૂબ પ્રેમ કર્યો છે. અઢળક સાહિત્યનો વારસો આપ્યો છે. હાસ્યનું શિલ્પ કોતરતા હોય તેવી એમની કલમ હતી. સ્વ. વિનોદ ભટ્ટે ગુજરાતી ભાષાને અઢળક પ્રમ કર્યો છે, રળિયાત કરી છે, અમે તેમને હંમેશા યાદ કરીશુ.”

- પ્રજ્ઞાબેન પટેલ

“સ્વ. વિનોદ ભટ્ટ ગુજરાતના પ્રખર હાસ્યલેખક, સાચા ચિંતક અને મર્મક હતા. બકુલ ત્રિપાઠી અને જ્યોતિન્દ્ર દવે પછીના એ હરોળના હાસ્યમાં તેમનું પ્રદાન ઊંચું હતુ. મોરારીબાપુના પ્રિતિપાત્ર હતા. એટલે તેઓ વિનોદબાપા કહીને બોલાવતા. સ્વ. વિનોદ ભટ્ટના જવાથી ગુજરાતી સાહિત્યને ખાસ કરીને હાસ્ય જગતને પુરી ના શકાય તેવી ખોટ પડી છે. તેઓ જ્યોતિન્દ્ર દવે પછીના હાસ્યસમ્રાટ હતા.”

- ભરત કવિ

“સ્વ. વિનોદ ભટ્ટના જતાં ગુજરાતી સાહિત્યનું હાસ્ય જાણે વિલાઈ ગયું છે. તેઓ વર્ષો સુધી ગુજરાતના અનેક જાણીતા અખબારોમાં કોલમ સ્વરૂપે હાસ્ય અને વ્યંગના માધ્યમથી ગુજરાતના સાહિત્ય રસિકોને હાસ્યરસ પીરસતા રહ્યાં હતા. તેઓ લેખનમાં અને જીવનમાં નાના નાના પ્રસંગોમાં સદાય હસતા અને સૌને હસાવતા. તેમની ગંભીર વાતો અને કરૂણ વાર્તાઓ પણ ઉત્કૃષ્ટ હતી જેની નોંધ લેવી પડે. તેઓ લેખનમાં અને જીવનમાં પણ એક સરખી રીતે જીવનારા હતા.”

- નટવર હેડાઉ

આર.ટી.ઈ. હેઠળ બે શાળાઓએ બાળકોને પ્રવેશ ન આપતાં નોટીસ અપાઈ

ફી ઉપરાંતની પ્રવેશ પછી વધારાની રકમની માંગ કરનાર સંચાલકોને પણ આવી પ્રવૃત્તિ ન કરવા તાકીદ

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર જિલ્લામાં રાઈટ ટુ એજ્યુકેશન અંતર્ગત બાળકોને હજુ સુધી પ્રવેશ નહિ આપનાર બે શાળા સંચાલકોને જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીએ નોટીસ ફટકારી છે આ ઉપરાંત જિલ્લાની તમામ શાળાઓને એક પત્ર લખી આર.ટી.ઈ. હેઠળ પ્રવેશ મેળવનાર બાળક કે તેના વાલી પાસે અન્ય કોઈ ફી પેટે રકમની માંગણી નહિ કરવા કડક તાકીદ કરી છે.

જિલ્લામાં આર.ટી.ઈ. એક્ટ અંતર્ગત ૨૯૦૦થી વધુ બાળકોને પ્રવેશ આપવાની સૂચનાઓ તાજેતરમાં અપાયા બાદ બે બાળકોને પ્રવેશ નહિ આપનાર શાળા સંચાલકોને નોટીસ પાઠવવામાં આવી છે. અમદાવાદ પબ્લીક સ્કૂલ ભાટ અને ડીવાઈન ચાઈલ્ડ ઈન્ટરનેશનલ સ્કૂલ અડાલજના સંચાલકોને જિલ્લા પ્રાથમિક શિક્ષણ તંત્ર દ્વારા નોટીસ આપવામાં આવી છે. આ નોટીસમાં જો સમય મર્યાદામાં પ્રવેશ પ્રક્રિયા સંપન્ન નહિ કરવામાં આવે તો આર.ટી.ઈ. એક્ટની જોગવાઈઓ અંતર્ગત દંડ અને કાનૂની કાર્યવાહી હાથ ધરવામાં આવશે તેવી સ્પષ્ટ ચેતવણી આપવામાં આવી છે.

બીજી તરફ તંત્રને કેટલીક શાળાઓમાં પ્રવેશ અપાયા બાદ વધારાની રકમ માંગવામાં આવતી હોવાની મળેલી ફરિયાદોના પગલે તમામ સંચાલકોને કડક તાકીદ કરી ફી સિવાયની અન્ય કોઈ રકમ વિદ્યાર્થી કે વાલી પાસે વસુલ કરવામાં ન આવે તે માટે કડક તાકીદ કરવામાં આવી છે.

ડેમોક્રેટિક પીપલ્સ એસોસિએશનની વાર્ષિક સાધારણ સભા શુક્રવારે

ગાંધીનગર, તા. ૨૩

ડેમોક્રેટિક પીપલ્સ એસોસિએશન, ગાંધીનગરની વાર્ષિક સાધારણ સભા આગામી તા. ૨૫ મે ને શુક્રવારે સાંજે ૪ કલાકે ડૉ. બાબાસાહેબ આંબેડકર હૉલ, સેક્ટર-૧૨, ગાંધીનગર ખાતે મળશે. આ સભા અંતર્ગત સંસ્થાનો અહેવાલ રજૂ થશે તથા નવી કારોબારીની રચના કરવામાં આવશે. સૌ સભ્યોને આ પ્રસંગે અચૂક ઉપસ્થિત રહેવા સંસ્થાના મહામંત્રી વિરચંદભાઈ પરમાર દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

સે. ૨૪માં રહેતા નોકરીયાત યુવાને ગળાફાંસો ખાધો

જૂનાગઢમાં પોતાના ઘરે દેવુ થઈ જતા ગાંધીનગર આવી ગયો હતો ગાંધીનગરમાં પણ દેવુ થવા લાગતા આખરે આ પગલુ ભર્યુ હોવાની આશંકા

ગાંધીનગર, તા. ૨૩

શહેરના સેક્ટર-૨૪માં શ્રીનગર સોસાયટીમાં ભાડે રહેતા એક નોકરીયાત યુવાને આજે બપોરના અરસામાં છતના હુક સાથે દોરી બાંધી ગળેફાંસો ખાઈ લેતા ચકચાર મચી જવા પામી છે. દેવુ થઈ જતા આ યુવાને ગળેફાંસો ખાઈ આપઘાત કર્યો હોવાનું પ્રાથમિક તપાસમાં બહાર આવ્યુ હોવાનું જાણવા મળ્યુ છે. જો કે સે. ૨૧ પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી મૃતદેહ પી.એમ. કરાવી આપઘાતનું ચોક્કસ કારણ બહાર લાવવા તજવીજ શરૂ કરી છે.

મળતી માહિતી મુજબ જૂનાગઢના એક ગામનો વતની યુવાન સિદ્ધાર્થ અશોકભાઈ પિપરોત્તર ગાંધીનગર શહેરના સેક્ટર-૨૪ શ્રીનગર ખાતે તેના મિત્ર રોહીત મારૂ સાથે ભાડે રહેતો હતો. આજે બંને મિત્રો બપોરે બહાર જમીને ઘરે આવ્યા અને રોહીત મારૂ સુઈ ગયો. બપોર દરમ્યાન સિદ્ધાર્થ બીજા રૂમમાં ગયો અને છતના હુક સાથે દોરી બાંધી કોઈ કારણોસર તેણે ગળે ફાંસો ખાઈ જીવન ટુંકાવી દીધુ હતુ. ઘટનાની જાણ રોહીત મારૂએ પોલીસને કરતા સે. ૨૧ પોલીસ સ્થળ પર પહોંચી ગઈ હતી અને મૃતદેહ પી.એમ. કરાવી આપઘાતનું કારણ બહાર લાવવા પ્રયત્ન શરૂ કર્યો છે. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યુ છે કે સિદ્ધાર્થ પહેલા જૂનાગઢ પાસેના જે ગામમાં રહેતો હતો ત્યાં તેને દેવુ થઈ ગયુ હતુ. લેણદારો ઘરે આવવા લાગ્યા હતા આખરે પોતાના દેવાથી તે ગાંધીનગર રહેવા આવી ગયો હતો. અહી આઈફો ઝોન ઓનલાઈન કંપનીમાં નોકરી કરતો હતો અને મોજશોખમાં રૂપિયા વાપરવા ટેવાયેલો હતો. ગાંધીનગરમાં પણ દેવુ થવા લાગતા આખરે તેણે આજે આ પગલુ ભરી લીધુ હોય તેવી શક્યતા છે. જોકે તે દિશામાં પોલીસે તપાસ શરૂ કરી છે.

સે-૧૫ આઈટીઆઈની પાછળ ઉભરાતી ગટરથી વસાહતીઓ હેરાન

ગાંધીનગર, તા.૨૩

ગાંધીનગર શહેરના સેક્ટર-૧૫ આઈટીઆઈની પાછળના ભાગે આવેલ ત્રણ રસ્તા પાસે આવેલ ગટર છેલ્લા કેટલાક દિવસોથી ઉભરાય છે. ગટરના ગંદા પાણી માર્ગ પર ફરી વળતા ભર ઉનાળે ચોમાસા જેવો માહોલ સર્જાયો છે. સ્થાનિક નાગરીકોને ફરજીયાત ગંદા પાણીમાંથી પસાર થવાનો વારો આવે છે. ગટરના ગંદા પાણીને પગલે મચ્છરોનો ત્રાસ વધી જતા મચ્છરજન્ય રોગચાળો હંમેશા આ વિસ્તારમાં જોવા મળે છે. ગટરના પાણીની દુર્ગંધ એટલી તીવ્ર આવે છે કે રહીશોને નાક આગળ રૂમાલ મુકીને પસાર થવુ પડે છે. સ્થાનિક રહીશો દ્વારા સેક્ટર-૨૪ ડ્રેનેજ ઈન્કવાયરીમાં લેખિત રજુઆત કરી હોવા છતા હજુ સુધી કોઈ ઉકેલ આવ્યો નથી.

ગ-૫ તરફથી ફતેપુરા ગામ તરફના માર્ગ પર આવેલ ગટર નીચે હોવાથી છેલ્લા કેટલાક દિવસોથી ઉભરાય છે. આ ત્રણ રસ્તા પર આવેલ ગટરલાઈન મુખ્ય હોવાનું નાગરીકોનું કહેવું છે. તેમજ આઈટીઆઈ, ગ્રામ્ય વિસ્તાર અને એલડીઆરપી સહિતનું ગંદુ પાણી અહી આવતુ હોવાથી અને આ લાઈન નીચી હોવાથી ગંદુ પાણી બહાર માર્ગ પર વહી જાય છે. જેને પગલે માર્ગ પર ગંદા પાણીનું ખાબોચીયું ભરાયેલું જોવા મળે છે. ગ્રામ્ય વિસ્તારના નાગરીકો અને ફલેટમાં રહેતા નાગરીકોને મોટાભાગે આ માર્ગનો જ ઉપયોગ આવન જાવન કરવો પડે છે. ત્યારે નાગરીકોને ગંદા પાણીમાંથી ફરજીયાત પસાર થવું પડે છે. ગંદકીથી નાગરીકો હેરાન પરેશાન થઈ ગયા છે. મચ્છરોના ત્રાસથી વસાહતીઓ શાંતિથી સુઈ પણ શકતા નથી. ત્યારે સે-૧૫ આઈટીઆઈની પાછળના ભાગે ઉભરાતી ગટર અંગે લેખિત તેમજ મૌખિક રજુઆતો તંત્રમાં કરવામાં આવી છે. ત્યારે આ ગટરના ગંદા પાણી ઝડપી બંધ થાય તેવી નાગરીકોની લાગણી અને માંગણી છે.

મેગા-શો
● અનુસંધાન પહેલાનું ચાલુ

અજીત સિંહ, ડાબેરી નેતા સીતારામ યેચુરી ઉપસ્થિત રહ્યા હતા. કર્ણાટકમાં સત્તા સંઘર્ષનો દોર લાંબા સમય સુધી ચાલ્યો હતો. શપથવિધિમાં કોંગ્રેસ અને અન્ય વિરોધ પાર્ટીઓના નેતાઓ ઉપસ્થિત રહ્યા હતા. બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જી અને ચંદ્રાબાબુ નાયડુએ તમામનું ધ્યાન ખેંચ્યું હતું. બસપના વડા માયાવતી અને સપાના વડા અખિલેશ યાદવ એકબીજાની નજીક બેઠેલા નજરે પડ્યા હતા.

ભીષણ ગોળીબાર
● અનુસંધાન પહેલાનું ચાલુ

જોડાયેલા ગામોમાં અને સરહદી ચોકી ઉપર આજે મોર્ટારથી હુમલો કર્યો હતો. ત્યારબાદ ગોળીબાર કર્યો હતો. સાંબામાં આજે સવારે નવ વાગ્યાથી ગોળીબારની શરૂઆત થયા બાદ બે લોકોના મોત થઈ ગયા હતા. પાકિસ્તાની રેન્જરોએ કઠુઆ જિલ્લામાં આવાસ વિસ્તારોમાં તથા ચોકી પર ગોળીબાર કર્યો હતો. હિરાનગર સેક્ટરમાં ભારે ગોળીબાર કરવામાં આવ્યો હતો. સરહદ પર રહેતા લોકોને બુલેટપ્રુફ વાહનોથી ત્યાંથી કાઢવામાં આવ્યા હતા. જમ્મુ જિલ્લાના આરએસપુરા, અરણિયા, રામગઢ અને સાંબા સેક્ટરમાં ગોળીબાર જારી રહ્યો છે. મંગળવારના દિવસે પાકિસ્તાની ગોળીબારમાં એક આઠ મહિનાના બાળકનું મોત થયું હતું. ૪૦૦૦૦થી વધુ લોકો અન્યત્ર જતા રહ્યા છે.

ચોમાસુ
● અનુસંધાન પહેલાનું ચાલુ

હવામાન વિભાગના મતે મૉનસૂન સમયથી ચાર દિવસ પહેલાં આવવાની સંભાવના છે. દક્ષિણ-પશ્ચિમ મૉનસૂન ૨૮મી મેના રોજ સક્રિય થશે. પરંતુ અંદમાન અને નિકોબાર દ્વીપ આની પહેલાં પહોંચશે. ૨૪મી મેના રોજ શ્રીલંકામાં દસ્તક દઈ શકે છે અને પછી આગળ પૂર્વ મધ્ય બંગાળની ખાડીની તરફ વધશે. કેરળ પહોંચનાર મોનસૂન જ સક્રિય થઈ દેશના ઉત્તર ક્ષેત્રમાં આવે છે, તેનાથી રાજધાની દિલ્હી સહિત ઉત્તર અને દક્ષિણના રાજ્યોને ગરમીથી રાહત મળે છે.

ખંડણી
● અનુસંધાન પહેલાનું ચાલુ

માંગવામાં આવી છે. ત્રણ દિવસમાં જો રૂપિયા નહીં આપે તો પરિવારને મારી નાંખવાની પણ ધમકી આપવામાં આવી છે. દરેક નેતાઓ પાસેથી ખંડણી માંગવામાં એક જેવી ભાષાનો ઉપયોગ કરવામાં આવ્યો છે. પોલીસ એ નેતાઓને સુરક્ષા આપતાં તપાસમાં લાગી ગઈ છે. તપાસમાં એટીએસ અને એસટીએફને લગાવવામાં આવી છે.

દરેક ભાજપના નેતાઓને +૧(૯૦૩)૩૨૯ ૪૨૪૦ નંબરથી વ્હોટ્સઅપ મેસેજ કરવામાં આવ્યો છે. એમાં લખ્યું છે, ‘હું છું અવી બુદેશ ભાઈ. જો તમે તમારા પરિવારની સુરક્ષા ઈચ્છો છો તો ત્રણ દિવસની અંદર ૧૦ લાખની વ્યવસ્થા કરો.

મને ખબહ છે કે તમે પૈસાની વ્યવસ્થા ત્યાં સુધી નહીં કરો જયાં સુધી તમારા પરિવારનું એક મૃતક શરીર જોશો નહીં. અમે વચન આપીએ છીએ કે ત્રણ દિવસ બાદ એક એક કરીને હત્યા કરવાનું શરૂ કરી દઈશું. તમારી પાસે માત્ર ૩ દિવસ છે. મારો માણસ તમારી નજીક છે. સમય બરબાદ ના કરો.‘

જો કે એક ધારાસભ્યે જણાવ્યું છે કે નંબરથી મેસેજ આવ્યો એ અમેરિકાના ટેક્સાસ શહેરનો છે. ધમકી આપનાર અલી બુદેશ દુબઈનો માફિયા છે અને આંતરરાષ્ટ્રીય આતંકવાદી દાઉદ ઈબ્રાહિમનો ગુર્ગા છે. ત્રિવેદીના દાઉદના ઈશારા પર જ ખંડણી વસૂલવાની આશંકા વ્યક્ત કરી છે. આ મામલે મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે ધારાસભ્યોને ફોન પર મામલાની જાણકારી લઈને કાર્યવાહીનું આશ્વાસન આપ્યું છે.

સંપન્ન કરાશે
● અનુસંધાન છેલ્લાનું ચાસલુ

સરકારના વિશ્વસનીય સૂત્રોએ જણાવ્યુ છે કે કેટલાક જિલ્લાઓમાં તો લોકભાગીદારીથી ૧૦૦ ટકા કામો સંપન્ન થયા છે તેથી સરકારે આવા જિલ્લાઓમાં જળ અભિયાનની સાથે સાથે પૂરક અને આનુસંગિક કામગીરી જરૂર પડ્યે મનરેગા અંતર્ગત પૂર્ણ કરી આપવાની ખાતરી આપી છે.

જળસંચય અભિયાન એ સરકારી અભિયાન નહિ પરંતુ એક જનઆંદોલનના સ્વરૂપમાં આકાર લીધુ હોવાનું સરકાર સ્પષ્ટ માની રહી છે. ક્લાઈમેન્ટ ચેન્જના પડકારને પહોંચવા તેમજ ગ્રીન ગુજરાતના નિર્માણ માટે સરકાર સંકલ્પ બદ્ધ હોવાના સંકેતો પણ મળી રહ્યા છે અને એટલે જ ઘણા બધા સ્થાનોએ તળાવો પિકનીક પોઈંટ બને તેવી સૂચનાઓ પણ આપવામાં આવી છે.

મુખ્યમંત્રી રૂપાણીના નિકટવર્તી વર્તુળોમાંથી પ્રાપ્ત થતા સંકેતો મુજબ જળસંગ્રહ શક્તિ વધતાં જ ગુજરાત એક પ્રવાસન રાજ્ય તરીકે પણ આગામી દિવસોમાં વિકસે તે દિશામાં રોડમેપ તૈયાર કરવાની કવાયત પણ હાથ ધરવાના સંકેતો આપવામાં આવ્યા હોવાનું પણ કબુલ્યુ છે. આ ઉપરાંત રાજ્યમાં યાયાવર પક્ષીઓ વધુ આવશે એટલુ જ નહિ જળપલ્લવિત વિસ્તારો જે સતત ઘટી રહ્યા હતા તેના આંકમાં પણ આ અભિયાનથી સુધારો થશે.

વધુ ગરમી
● અનુસંધાન છેલ્લાનું ચાસલુ

જયારે સાંજ ઢળતા જ નગરના માર્ગો પર વિશેષ ચહલ પહલ જોવા મળી હતી. રાત્રિના સમયે પણ ગરમીની અસર વર્તાઈ હતી. જો કે દિવસની સાપેક્ષમાં ઠંડક રહેતા શહેરીજનો બગીચાઓ અને સર્કલો પર ટહેલવા નિકળીપડયા હતા. અંગારા ઓકતી ગરમીએ નગરજનોને ત્રાહીમામ કરી દીધા છે. ગરમીના ઉગ્ર મિજાજ વચ્ચે શ્રમિકો તેમજ અબોલ પશુ પંખીઓની હાલત પણ કફોડી બની છે. દિવસ દરમિયાન રખડતા પશુઓ પણ જોવા મળતા નથી અલબત્ત ગરમીથી બચવા માટે છાંવનો આશારો લેતા નજરે પડે છે.

સમયસર
● અનુસંધાન છેલ્લાનું ચાસલુ

પળમાં એક હસતો રમતો પરિવાર વિખેરાઈ ગયો છે. જેના માટે આટલુ મોટુ સામ્રાજ્ય ઉભુ કર્યુ હતુ, જેના માટે આખુ જીવન સંઘર્ષ કર્યો હતો તે પત્નિ-દિકરીઓને જાતે જ ગોળી ધરબી દઈ ધર્મેશભાઈએ માનવજાતની ઘટતી જઈ રહેલી અસંવેદનશીલતાનો પરિચય કરાવ્યો હતો.

મુશ્કેલીઓ જીવનની સહજ સ્વાભાવિક સ્થિતિ છે. જેનો સ્વીકાર કરનાર મનુષ્ય તમામ પરિસ્થિતિનો સામનો સફળતાથી કરે છે. ધીરજની કસોટી સુખ કરતાં દુઃખમાં વધારે થાય છે. જો દુઃખના સમયે ધીરજ ગુમાવી દઈએ તો આવેશ મન પર કબ્જો જમાવી દે છે, જેના પરિણામો ખૂબજ ભયાનક હોય છે. ક્ષણ માત્રના આવેશે ધર્મેશભાઈના મન-મગજ પર એવો કબ્જો જમાવી લીધો કે તેમણે પોતાનો જ સંસાર જાતે જ સળગાવી દીધો. આવેશે પ્રેમાળ મનુષ્યને હેવાન બનાવવામાં પળનોય વિલંબ ન કર્યો. આવેશને કાબુમાં રાખીને આવેલી મુશ્કેલીનો હલ શોધવાનો ધર્મેશભાઈએ પ્રયત્ન કર્યો હોત તો તેમનો પરિવાર ફરી સુખના દિવસો જોઈ શક્યો હોત.

મનના ઉમંગો
● ચોથા પાનાનું ચાલુ

અમારા પ્રવાસનો છેલ્લો પડાવ વારાણસી હતો. અમે તારીખ-૧૧-૦૨-૨૦૧૮ ની વહેલી સવારે પાંચ વાગ્યે શ્રી સતકૈવલ જ્ઞાનમંદિર,ગુજરાતી ધર્મશાળા,વારાણસી પહોંચ્યા હતા.રૂમમાં જતાં જતાં સાડા પાંચ વાગી ગયા.મારો રોજનો જાગવાનો ટાઈમ થઈ ગયો હતો એટલે મેં બ્રશ હાથમાં લીધું.રાજુભાઈ અને ઈશ્વરલાલે '' અત્યારે બે કલાક ઊંઘી જઈએ'' એમ કહી પથારીમાં લંબાવ્યું.હું બહાર ગેલેરીમાં જોઈ આવ્યો. એક જગ્યાએ ગરમ પાણી આવતું હતું. મેં જોયું કે બધા ગરમ પાણીની શોધમાં જ હતા. હું નહાઈ-ધોઈ-તૈયાર થઈ નીચે ઉતર્યો. પ્રવાસવાળાની ચા હજી તૈયાર થઈ ન હતી એટલે બહાર રસ્તા પર આવ્યો. ધર્મશાળાના દરવાજે સરસ ચા મળતી હતી તેની મઝા લીધી.થોડેક દૂર ચાલ્યો. એક સ્ટોરમાંથી પાર્વતી માટે બિસ્કીટ લીધા. પાછો રૂમમાં આવ્યો ,કોઈ જાગ્યું ન હતું. હું પણ થાકને કારણે સહેજ આડો પડ્યો. માંડ પાંચ દસ મિનિટ આંખ મીંચાઈ હશે ત્યાં કોઈએ દરવાજો ખખડાવ્યો.''ઝટ તૈયાર થઈ જાવ, સાઈટસીઈંગ માટે જવાનું છે. ''બધા ઝટપટ તૈયાર થઈ નીચે આવ્યા. મોટા છકડામાં બેસી અમે વારાણસી ઉર્ફે બનારસ ઉર્ફે કાશી જોવા નીકળ્યા. સૌ પ્રથમ બનારસ હિન્દુ યુનિવર્સીટી આવ્યા, આ એક બહુ મોટુ સંકુલ છે. આમાં બધીજ શૈક્ષણિક સંસ્થાઓ સામેલ કરવામાં આવી છે. અંદર વિશાળ કાશીવિશ્વનાથનું મંદિર રચવામાં આવ્યું છે.તેના દર્શન કર્યા.આગળ એક માતાજીનું મંદિર આવ્યું. અહીં પણ રામમાનસ તુલસીદાસનું મંદિર છે. તેની દિવાલો પર પણ તુલસી રામાયણની ચોપાઈઓ કોતરેલી છે. સાડીઓની દુકાને જતાં પહેલાં ગરમ જલેબી અને કચોરી ખાધી. ચા પીધી. દુકાનમાંથી વિલાસ માટે મરૂન રંગની સાડી ખરીદી.

સાંજે કાશીવિશ્વનાથના દર્શનનો કાર્યક્રમ હતો. કેદારઘાટ ગયા. હોડીમાં બેસી બધા ઘાટ જોયા. એક જગ્યાએ થોડાક પ્રવાસી નાહ્યા. અમારા જેવાએ માથે પાણી ચડાવ્યું. રાજુભાઈએ બધાને આચમન લેવરાવ્યું.અંધારું થતાં એક પછી એક હોડીઓ આરતીવાળા ઘાટની સામે જમા થવા લાગી.અજવાળાંએ વિદાય લેતાં આરતી શરુ થઈ. આરતી પત્યા પછી કાશી વિશ્વનાથના દર્શન કર્યાં. બીજા દિવસે સવારે આયોજકોનો કોઈ કાર્યક્રમ હતો નહીં. સુનીલભાઈ અને બીજા કેટલાકે સારનાથ જવાનો કાર્યક્રમ બનાવી દીધો. અમારી ટીમમાંથી શ્રી બોર્ડરભાઈ, કોકિલાબેન અને બ્રિજેન જોડાયા. બ્રિજેન પહેલેથી જ બૌધ્ધ સ્તુપો જોવા માટે ઘણો ઉત્સુક હતો. જો તે આ પ્રવાસમાં આવ્યો ન હોત તો કદાચ હું એકલો ફરીવાર કાશી વિશ્વનાથના દર્શને ગયો હોત અથવા મેં પણ મારા સાથીઓની સાથે બનારસી સાડીઓ જોવામાં સમય પસાર કર્યો હોત.

સારનાથ જતાં પહેલાં અમે ભૈરવનાથના દર્શન કર્યાં. અમે મંદિરમાં પ્રવેશ કરતા હતા ત્યાં કોઈ ગ્રાહક અથવા પૂજારી અથવા અને દુકાનદાર અને બીજા પૂજારીઓ વચ્ચે કોઈ કારણસર મામલો બિચક્યો. પાંચસાત જણા પેલા છોકરાઓને બેરહેમ બની મારવા માંડ્યા. એક જણ તો મોટો વાંસ લઈ માથામાં ફટકારવા માંડ્યો. પેલાના માથામાં લોહી નીકળવા માંડ્યું. અમે ઝટપટ મૂર્તિ બાજુ ધસારો કર્યો.જેમતેમ દર્શન કર્યાં.પાંચ મિનિટમાં તો જાણે કશું બન્યું નથી એમ દુકાનદારો ગાદી પર બેસી ગયા. બિચારા માર ખાનારા માથામાં હાથ ફેરવી લોહી નીકળ્યું છે કે નહીં તે જોતાં હતા. આ દ્રશ્ય જોઈ મને સંઘર્ષ ફિલ્મમાં ધર્મગુરુઓ એકબીજા સામે કેવા લોહિયાળ જંગ ખેલે છે તેની યાદ આવી ગઈ. પાછા ફરતાં સુનીલભાઈએ જે વાત કરી તે તો આ દુર્ઘટના કરતાંયે અજબની વાત હતી. સુનીલભાઈની વાત વાગોળતા અમે સારનાથ ઉપડ્યા.